# ખંભાત-હિંમતનગર બાદ માણસાનું ઈટાદર સળગ્યું

## ગાંધીનગરના માણસામાં આવેલા ઇટાદરા ગામે યુવતીની છેડતી બાબતે બે જૂથ વચ્ચે અથડામણનો બનાવ બન્યો હતો

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગરના માણસામાં આવેલા ઈટાદરા ગામે યુવતીની છેડતી બાબતે બે જૂથ વચ્ચે અથડામણનો બનાવ બન્યો હતો. ઘટનાને પગલે ૩ વાહનોમા તોડફોડ અને આંગચપી કરવામાં આવી હતી. જોકે બનાવ અંગે પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મહત્વનું છે કે પરિસ્થિતિના અનુસંધાને જિલ્લા પોલીસનો કાફલો ઈટાદરા ગામે ખડકી દેવાયો છે. ગુજરાતના ખંભાત અને હિંમતનગર બાદ માણસાના ઈટાદરા ગામે બે જૂથ વચ્ચે જૂથ અથડામણનો બનાવ બન્યો છે. જોકે યુવતીની છેડતી બાબતે બે જૂથ સામસામે આવી જતા માહોલ તંગદિલી ભર્યો બની ગયો. મળતી માહિતી પ્રમાણે, યુવતીની છેડતી બાબતે બન્ને જૂથ સામસામે આવી ગયા અને કેટલાક તોફાની તત્વોએ વાહનોમાં તોડફોડ અને આગચંપી કરાઈ હતી. એટલું જ નહીં ઈટાદરા ગામે રાત્રિ દરમિયાન જાતરનો કાર્યક્રમ હતો. ત્યાં તોફાની તત્વોએ હંગામો કરી ન્ઈઠ્ઠ સ્ક્રીનમાં તોડફોડ કરતા વાતાવરણ ઉગ્ર બન્યું હતું. જૂથ અથડામણના બનાવ અંગે પોલીસને જાણ થતાં જ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ થાળે પાડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે હકીકત એવી પણ સામે આવી કે ઈટાદરા ગામે જાતરમાં ન્ઈઠ્ઠ સ્ક્રીનમાં તોડફોડ કરી કેટલાક વાહનોમાં આગચાંપી અને તોડફોડ પણ તોફાની તત્વોએ કરી. જેને પગલે ગાંધીનગર જિલ્લાની પોલીસને ગામ જ ખડકી દેવાઈ હતી. બનાવ અંગે એસપી સહિત ડીવાયએસી કક્ષાના અધિકારીએ ગામમાં ફૂટ પેટ્રોલિંગ કરી છ જેટલા તોફાની તત્વોને પકડી પૂછપરછ કરી હતી.

# કેશોદ-મુંબઈ વચ્ચે વિમાની સેવાનો કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રીના હસ્તે પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાના હસ્તે કેશોદ એરપોર્ટ ખાતે કેશોદથી



મુંબઈ વચ્ચે કમર્શિયલ હવાઈ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ સાથે બંને મહાનુભાવોના હસ્તે કેશોદ એરપોર્ટ પર હવાઈ સેવાઓ માટેની આધુનિક સેવાઓનુ પણ ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે આત્મ નિર્ભર ગુજરાતથી આત્મ નિર્ભર ભારતના સંકલ્પને સિદ્ધ કરવા પરિવહન ખાસ કરીને હવાઈ પરિવહનનો વિકાસ અગત્યનો છે. ગુજરાતનો પર્યટન વિકાસ પણ તેના મૂળમાં છે. આ સંકલ્પથી સિદ્ધિ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વ્યાપક એર કનેક્ટીવીટી પ્રસ્થાપિત થઈ રહી છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાનની દિર્ઘ દ્રષ્ટી હેઠળ ગ્લોબલ વોર્મિંગની અસરોને ખાળવા કુદરતી સંશાધનોના સમતોલ ઉપયોગ અને સૂર્ય ઉર્જા માટેના પ્રોજેક્ટ આજે આપણને આજની સ્થિતિમાં ઉપયોગી બની રહ્યા છે તેમ જણાવી વડાપ્રધાનની આગવી દ્રષ્ટી હેઠળ દેશ આગળ વધી રહ્યો છે તેમ જણાવ્યુ કહ્યુ હતું.

મુખ્યમંત્રીએ કેશોદ એરપોર્ટ ખાતે વિમાન સેવા ઝડપથી શરૂ કરવા અંગે કેન્દ્ર સરકારનો ખાસ કરીને નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાનો આભાર માન્યો હતો.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોતે ગુજરાતના જમાઇ છે તેમ જણાવી કેશોદને વિશેષ સેવાઓ આપવી છે ત્યાંથી વાતનો પ્રારંભ કરીને કહયું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સામાન્ય માણસને લક્ષમાં રાખીને ‘ઉડે દેશકા આમ આદમી’ અંતર્ગત હવાઈ સેવાઓ શરૂ થઈ રહી છે. કેશોદ એરપોર્ટના આધુનીકરણના ઉદ્દ્ઘાટન પ્રસંગે વધુમાં જણાવ્યું હતું કે ઘણા વર્ષોથી કેશોદ એરપોર્ટમાં સેવાઓ બંધ હતી.

કેશોદ-મુંબઈ બાદ હવે આગામી સમયમાં કેશોદને અમદાવાદ સાથે પણ જોડાશે. તેઓએ ગુજરાતને ૬ વિમાન સેવાઓની ભેટ આપતા ગુજરાતમાં અને દેશમાં આત્મ નિર્ભર ભારત અંતર્ગત વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં ચાલી રહેલ હવાઈ પ્રોજેક્ટની માહિતી આપી ગુજરાતને બે નવા ગ્રીન ફીલ્ડ હવાઈ મથક હિરાસર અને ધોલેરામાં મળશે તેમ જણાવ્યું હતું. ગુજરાતમાં વધુને વધુ આવાગમન સુવિધા મળે એ માટે અમદાવાદથી અમૃતસર, આગ્રા, રાંચી ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત પોરબંદરથી ૨૭ એપ્રીલથી દિલ્હીની ફ્લાઈટ શરૂ થનાર છે.

# ઓગસ્ટ મહિનાથી અમદાવાદમાં પ્રથમ તબક્કાની મેટ્રો રેલ શરૂ થશે

અમદાવાદ,તા.૧૬

મહત્વાકાંક્ષી મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો આ વર્ષે ઓગસ્ટમાં શહેરમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે. ગયા અઠવાડિયે, રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ) એ મેટ્રો રેલના ટ્રેક અને સિસ્ટમની તપાસ કરી અને તેની મંજૂરી આપી.

ગ્યાસપુરથી જીવરાજ પાર્ક સ્ટેશન સુધી પશ્ચિમી પંથકમાં ટ્રેનનું ટ્રાયલ રન સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં કમિશનર મેટ્રો સેફ્ટી રેલ અંતિમ નિરીક્ષણ અને મંજૂરી માટે આવશે. એકવાર સીએમઆરએશ પ્રમાણિત થયા પછી, કામગીરી શરૂ થશે.

પ્રથમ તબક્કાની સેવાઓની શરૂઆત અમૃત મહોત્સવ સાથે થશે, જે આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરે છે. શરૂઆતમાં, દરેક ટ્રેક પર ત્રણ કોચ સાથે ૩૨ જોડી ટ્રેનો દોડશે. તેમણે કહ્યું કે માગને જોતા કોચની સંખ્યા વધારીને છ કરવામાં આવશે. ટ્રેનની ફ્રિકવન્સી પણ સવારી લેતા મુસાફરોની સંખ્યા પર નિર્ભર રહેશે.

૩૯.૨૬ કિમીના અમદાવાદ મેટ્રો ફેઝ ૧ પ્રોજેક્ટમાં બે લાઈન અને ૩૨ સ્ટેશનનો સમાવેશ થાય છે. ૧૦,૭૭૩ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. ૨૦.૭૩ કિમી લાઈન-૧ (પૂર્વ-પશ્ચિમ અથવા બ્લુ લાઈન) વસ્ત્રાલ ગામ અને થલતેજ ગામને વચ્ચેના ૧૭ સ્ટેશનો સાથે જોડે છે. તેમાં ચાર ભૂગર્ભ સ્ટેશનો સાથે ૬.૫-કિમીનો ભૂગર્ભ વિભાગ છે. ૧૮.૮૭ કિમીની લાઈન ૨ (ઉત્તર-દક્ષિણ કોરિડોર અથવા એપીએમસી વાસણાથી મોટેરા સુધીની રેડ લાઈનમાં ૧૫ સ્ટેશન હશે.

સરકારે રૂ. ૫૩૮૪.૧૭ કરોડના અંદાજિત ખર્ચે ૨ કોરિડોર ધરાવતા ૨૮.૨૫૪ કિમીના અમદાવાદ મેટ્રો ફેઝ ૨ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. ફેઝ ૨ નો પ્રથમ કોરિડોર ૨૦૨૪ સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

# સાળંગપુરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું

## હાથી-ઘોડા, ડ્રોનથી પુષ્પ વર્ષા કરાઈ : પવનપુત્ર હનુમાન કી જય, જય શ્રી રામના નારાથી મંદિર પરિસર ગુંજ્યું, મંગળા આરતીમાં જય શ્રીરામના નારા ગુંજ્યા

અમદાવાદ,તા.૧૬

આજે ચૈત્રી સુદ પૂર્ણિમા એટલે હનુમાન જયંતી છે. આજે હનુમાન જયંતીનો પાવન પર્વ છે. ત્યારે બોટાદના સાળંગપુરમાં હનુમાનજીની ભવ્ય ઉજવણી શરૂ થઈ છે. દાદાના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા છે. આજે હનુમાન જયંતી પ્રસંગે સાળંગપુર હનુમાન મંદિરે ૧૦ લાખથી વધુ ભક્તો દાદાનાં દર્શન



કરશે. આજના દિવસે મારુતિ યજ્ઞ પણ કરવામાં આવશે. વહેલી સવારથી જ ‘પવનપુત્ર હનુમાન કી જય, જય શ્રી રામલ્લ ના નારાથી પરિસર ગુંજી ઉઠ્યુ છે. સવારની મંગળા આરતી ખાસ બની રહી હતી. તો ત્યાર બાદની શ્રૃંગાર આરતી ખાસ બની રહી છે. દાદાને કરોડોના ઝવેરાતથી સજાવવામાં આવ્યા છે. આજે હનુમાન જયંતિ નિમિત્તે સાળંગપુરમાં કષ્ટભંજન દેવ હનુમાનજીની ભવ્ય શોભા યાત્રા નીકળી ત્યારે તેવામાં આ શોભાયાત્રા કેવી ભવ્ય હોય તેની એક ઝલક તમને દર્શાવી રહ્યા છે. હાથી અને ઘોડા સાથે નીકળી આ ભવ્ય શોભાયાત્રામાં ઢોલ નગારાના તાલે ભક્તો જય શ્રી રામના નારા સાથે ઝૂમી ઉઠે છે. તો કતરબ બાજો જુદા જુદા કરતબ દાખવીને શોભાયાત્રાની ભવ્યતામાં વધારો કરે છે. સાળંગપુરમાં દાદાનાં દર્શન માટે અંદાજે ૧૦ લાખથી વધુ ભક્તો ઊમટ્યા. તંત્ર દ્વારા ખાસ રૂટ સાથે રહેવા-જમવા અને પાર્કિંગની ખાસ વ્યવસ્થા કરાઈ છે.

બે વર્ષ બાદ સાળંગપુરના શ્રીકષ્ટભંજનદેવ મંદિરમાં હનુમાનજયંતીની ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. મંદિરના સંતો દ્વારા વિશેષ તૈયારીઓ કરી લેવામાં આવી છે. અંદાજે ૧૦ લાખથી વધુ દર્શનાર્થીઓ હનુમાન જંયતીના દિવસે આવશે. તેથી



દર્શનાર્થીઓને મુશ્કેલી ના થાય એ માટે મંદિર પરિસરમાં રહેવા તથા જમવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત એકસાથે દસ હજારથી વધુ વાહન પાર્ક થઈ શકે એ માટે ૬ વિશાળ પાર્કિંગ એરિયા બનાવવામાં આવ્યા છે. દાદાના જન્મોત્સવની રંગેચંગે ઉજવણી થાય એ માટે અહીં બે દિવસ સુધી વિવિધ કાર્યક્રમો પણ યોજાશે.

પંચમુખી હનુમાનજીની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. શુક્રવારે ૧૫ મી તારીખે બપોરે ૪ થી સાંજે ૭ વાગ્યા સુધી નારાયણ કુંડથી મંદિરના પરિસર સુધી પંચમુખી હનુમાનજીની હાથી પર ભવ્ય શોભા યાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં હજારો બહેનો મસ્તક પર દાદાના અભિષેકનું જળ ધારણ કર્યું. ૨૫૧ પુરુષ મહિલા સાફા ધારણ કરીને શોભાયાત્રામાં જોડાયા. ૧૦૮ બાળકો ધ્વજ લહેરાવી શોભાયાત્રાને મહેકાવી.



**સોમનાથ મંદિર ખાતે શ્રી હનુમાનજી જન્મોત્સવની ઉજવણી**

સોમનાથ મંદિર ખાતે મંદિર પરિસરમાં પૌરાણિક કષ્ટભંજન હનુમાનજી મંદિર આવેલ છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રી હનુમાનજી જન્મોત્સવના પાવન પર્વ નિમિત્તે હનુમાનજીની પ્રાતઃવિશેષ મહાપૂજા સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરના હસ્તે કરવામાં આવી હતી તેમજ સાંજે હનુમાન ચાલીસા પાઠ અને મહાઆરતી કરવામાં આવી હતી.

# નડિયાદમાં પુત્રવધૂ ૭.૨૦ લાખનો મુદ્દામાલ જાણ બહાર ઊઠાવી ગઈ

નડિયાદ,તા.૧૬

પુત્રવધૂએ પોતાની સાસરીમાંથી રૂ. ૭.૨૦ લાખની મત્તાના મુદ્દામાલ ઘરમાંથી લઈ જઈ વિશ્વાસઘાત કરતા સાસુએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સાસરીયાની જાણ બહાર પુત્રવધુના કારસ્તાનથી સાસુ પણ ચોંકી ઉઠ્યા હતા. સમગ્ર મામલે નડિયાદ ટાઉન પોલીસે ફરિયાદના આધારે આઈપીસી ૪૦૬, ૫૦૬ (૧) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

# પ્રાકૃતિક ખેતી દ્વારા ધરતી માતાનું અને માનવ જીવનનું આરોગ્ય જાળવીએ : મુખ્યમંત્રી



ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂનાગઢ ખાતે ખેડૂત મહિલા ઉત્કર્ષ શિબિરમાં જણાવ્યું કે મહિલાઓ સમાજ સુધારા અને સમાજ નિર્માણમાં અમુલ્ય યોગદાન આપવાની સાથે આર્થિક વિકાસમાં યોગદાન આપી રહી છે. સખી મંડળ, સહકારી ક્ષેત્ર સહિતના માધ્યમથી નારીશક્તિએ સમાજને નવી દિશા ચિંધી છે.

દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલ્યક્ષમાં અમૃત મહોત્સવ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે દરેક ગામના ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આહવાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પ્રાકૃતિક ખેતી સમયની માંગ છે. પ્રાકૃતિક ખેતી દ્વારા ધરતી માતાનું આરોગ્ય જાળવીએ તેના થકી જ માનવ જીવનનું આરોગ્ય જળવાશે. આમ જમીનની ફળદ્રુપતા વધવાથી અને શુધ્ધ ખેત ઉપજ મળતા ગંભીર રોગનું પ્રમાણ ઘટશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ મહિલા તાલીમ શિબિરને આવરકારદાયક ગણાવતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રે પણ મહિલાઓની મહત્વની ભુમિકા છે. બીજ માવજત, નિંદામણ સહિતની કામગીરી મહિલાઓ દ્વારા સુપેરે કરવામાં આવે છે. આ સાથે મુખ્યમંત્રીએ દેશની આઝાદીની લડતમાં યોગદાન આપનાર વીર-વીરાંગનાઓનું પણ પુણ્યસ્મરણ કર્યું.

આ પ્રસંગે ગુજકોમાસોલ અને ઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણીએ જણાવ્યુ કે દેશ આઝાદીનું અમૃત પર્વ એટલે આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાની સમગ્ર દેશમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ૭૫ વર્ષમાં પહેલી વાર રાષ્ટ્રીયકક્ષાએ સહકારી ક્ષેત્રને ખૂબ મહત્વ આપવામાં આવી રહ્યું છે. આ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક અલાયદા મંત્રાલયની પણ રચના કરી છે અને તેની ધુરા કેન્દ્રીયમંત્રી અમિતભાઈ શાહને સોંપવામાં આવી છે. આ સફળ નેતૃત્વએ સહકારી વિકાસ માટે નવી રાહ ચીંધી છે. તેમજ સહકારી ક્ષેત્રના માધ્યમથી વ્યાપક લોક કલ્યાણ થઈ શકે તે માટે નવી નીતિ પણ ઘડવામાં આવી છે. તેમ જણાવી સંઘાણીએ કહ્યું હતું કે નવી સહકારી નીતિના ઘડતરમાં દેશના તમામ નાગરીકો પોતાની સ્થાનિક ભાષામાં પોતાના સૂચનો રજૂ કરી શકે છે. આ સાથે તેમણે લોકોને સૂચનો આપવા અનુરોધ કર્યો હતો.

# ગાંધીનગરમાં ૧૭ થી ૧૯ એપ્રિલ ૨૦૨૨ સુધી ૭૦મી ઈન્ડીયન ફાઉન્ડ્રી કોંગ્રેસ અને આઈફેક્સ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

૩ દિવસની આ સુસંકલિત કોન્ફરન્સ અને વિશ્વના ફાઉન્ડ્રી ઉદ્યોગની કોન્ફરન્સ અને પ્રદર્શન ઉદ્યોગને મહામારી પૂર્વેના સ્તરે પહોંચાડવા માટે ઉદ્દીપકની ભૂમિકા બજાવશે. ૨ વર્ષના ગાળા પછી પ્રથમ ગ્લોબલ ફિઝિકલ ફાઉન્ડ્રી ઈવેન્ટ ગાંધીનગર/અમદાવાદમાં યોજાઈ રહ્યો છે.

૭૦મી ઈન્ડીયન ફાઉન્ડ્રી કોંગ્રેસ અને ૧૮મા ઈન્ટરનેશનલ એકઝિબિશન ઓન ફાઉન્ડ્રી ટેકનોલોજી, ઈક્વિપમેન્ટસ, સપ્લાઈઝ અને સર્વિસિસ (IFEX), કાસ્ટ ઈન્ડીયા એક્સપોનુ ગાંધીનગરમાં તા. ૧૭ થી ૧૯ એપ્રિલ દરમ્યાન આયોજન કરવામાં આવ્યુ છે.

ભારતનો ફાઉન્ડ્રી ઉદ્યોગ વાર્ષિક ૧૦ મિલિયન ટનના ઉત્પાદન સાથે વિશ્વનાં બીજો ક્રમ ધરાવે છે. તે ઓટોમોબાઈલ, ટ્રેકટર્સ, પાવર ટ્રેઈન, રેલવેઝ, ઉર્જા અને એન્જીનીયરીંગ ઉદ્યોગની માંગ પૂરી પાડે છે.

ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડીયન ફાઉન્ડ્રીમેનના વેસ્ટર્ન રિજિયન અને ધ ઈન્ડીયન ફાઉન્ડ્રી કોંગ્રેસ દ્વારા આયોજિત IFEX અને કાસ્ટ ઈન્ડીયા એક્સપો એ ૩ દિવસની કોન્ફરન્સ અને પ્રદર્શન છે જે હેલિપેડ ગ્રાઉન્ડ કોન્ફરન્સ સેન્ટર ખાતે યોજાશે.

૭૦મી ઈન્ડીયન ફાઉન્ડ્રી કોંગ્રેસ અને IFEX 2022નો થીમ “બિઝનેસ બિયોન્ડ બાઉન્ડ્રીઝ” રાખવામાં આવ્યો છે. આ સમારંભ ફાઉન્ડ્રી ઉદ્યોગ માટે બિઝનેસની નવી તકો અને કોલાબરેશન માટે નેટવર્કીંગની ઉત્તમ તકનુ નિર્માણ કરશે.”

## ગુજકેટની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુત્રોના જણાંવ્યા અનુસાર આગામી તા ૧૮ એપ્રિલના રોજ યોજાનારી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાં વિવિધ ૨૧ બિલ્ડીંગોમાં ૨૫૭ જેટલા બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવાશે જયારે આ પરીક્ષામાં જિલ્લામાંથી ૫૦૮૫ વિદ્યાર્થીઓ હાજરી આપશે. પરીક્ષા કેન્દ્રો માટે ન્યુ ગાંધીનગર વિસ્તારને અનુલક્ષી ચાંદખેડાની શાળાઓ નિયત કરાઈ છે. જયારે શહેરમાં સે-૮ સેન્ટ ઝેવિયર્સ , સે-૭ ચૌધરી વિદ્યાલય, સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ, સે-૨૩ સ્થિત કડી કેમ્પસની આર જી પટેલ ગર્લ્સ સ્કુલ , એમ બી પટેલ ઈંગ્લિશ મીડીયમ, શેઠ સી એમ વિદ્યાલય, આર સી પટેલ હાઈસ્કુલ, સે-૨૮ આરાધના વિદ્યાવિહાર, સે-૨૮ વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, સે-૨૫ શારદા વિદ્યાલય, રાંધેજામાં ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કુલ , કુડાસણમાં સ્કુલ ઓફ અચિવર . ચાંદખેડામાં સાકાર ઈંગ્લિશ સ્કુલ, સે-૨૧ માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ, સે-૨૫ વેદ ઈન્ટરનેશન સ્કુલ તેમજ ધોળાકુવા સ્વામિનારયણ ધામ સહીતની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## પરીક્ષા નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાછળ બે કારણો છે. એક તો રાજ્યની વિધાનસભાની ચૂંટણી આ વર્ષે થવાની છે અને બીજી એ કે યુનિવર્સિટીઓ આવી સિસ્ટમ દાખલ કરવા તૈયાર નથી. વીસીએ એમ પણ કહ્યુ હતુ કે દર વર્ષે કોલેજોમાં ઘણી બધી બેઠકો ખાલી રહે છે અને જો પ્રવેશ પરીક્ષા શરૂ કરવામાં આવે તો વધુ બેઠકો ખાલી રહેશે.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ભૌતિક બાબતો જ નિર્ણાયક પરિબળ ગણાય? લાગણી સ્નેહ કે સદભાવ કેવળ આદર્શો જ છે? કિતાબો મેં છપતેં હૈ ચાહત કે કિસ્સે ..હકિકત કી દુનિયા મેં ચાહત નહીં હૈ..એવું ઘણાને લાગતું પણ હોય છે...પરંતુ આપણી ઘણી બધી બાબતો કોઈકની શુભેચ્છાઓ થકી જ પાર પડતી હોય છે..

‘હોત શું આ જિંદગી ને હોત શું આ મોત પણ?
પ્રેમના રંગો થકી રંગાયું ના હોત વિશ્વ આ ?’
આ માત્ર કવિકથન નથી આર્ષદર્શન પણ છે..

નિસ્વાર્થ સ્નેહ એ મોંઘેરી વાત છે..એવું કહેવાય છે કે જયાં દવા કામ ના કરે ત્યાં ઘણીવાર દુવા અસરકારક બની જાય છે...આપણે જયારે નિસ્વાર્થ ભાવે કશુંક વ્યકત કરીએ છીએ ત્યારે દુનિયામાં પણ એનો પડઘો પડે જ છે..પ્રેમનું રસાયણ અમોઘ છે..કેવળ ભૌતિકતાના ભ્રમમાં રાચતો માણસ સ્નેહની સરવાણીનું સિંચન કરે તો પણ,સુખની લીલીછમ વનરાજી છવાઈ જતી હોય છે....

## પ્રતિક છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અનાવરણ કરાશે. જેમાં મોટી મોટી હસ્તીઓ ભાગ લઈ રહ્યાં છે. વિજયવર્ગીયજીએ મંદીર અંગે વાત કરી. ખાસ વાત એ છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી હાજરી આપી છે. તેમજ કથામાં હાજર શ્રોતાઓને સંબોધન પણ કરી રહ્યાં છે.

પીએમ મોદીએ હનુમાન જયંતીએ લોકોને શુભેચ્છા આપી હતી. તેમણે રામચરિત માનસના એક શ્લોકનું વર્ણન કર્યુ હતું. સંબોધનમાં કહ્યુ હતું કે, ઈશ્વારની કૃપા વગર સંતોના દર્શન દુર્લભ હોય છે. ગત દિવસોમાં ઉમિયા ધામ, અન્નપૂર્ણા ધામના દર્શનના અવસર મળ્યા. આજે હનુમાન જયંતીએ વધુ એક તક મળી. હનુમાનજીની આવી મૂર્તિઓ દેશના ચાર ખૂણમાં બનાવાઈ રહી છે. શિમલામાં આવી મૂર્તિ છે. બીજી મૂર્તિ મોરબીમાં બની છે. અન્ય રામેશ્વરમ અને પશ્ચિમ બંગાળમાં બની રહી છે. આ બાબત એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પનો હિસ્સો છે. હનુમાનજી પોતાની ભક્તિ અને સેવાભાવથી સૌને જોડે છે. દરેકને તેમનામાંથી પ્રેરણા મળે છે. તેઓ શક્તિ અને સંબલ છે જેઓએ સમસ્ત વનવાસી પ્રજાતિઓ અને વનબંધુઓને માન અને સન્માનનો અધિકાર અપાવ્યો. તેથી એક ભારત શ્રેષ્ઠ ભારતના પણ હનુમાનજી પ્રતિક છે.

## બેકાબૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દર્દીઓના ૨૮,૭૭૮ સ્વજનોને મુક્ત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચીનના વુહાન શહેરમાં ૨૦૧૯માં કોરોના વાયરસનો પ્રથમ કેસ સામે આવ્યો હતો. ત્યારપછી કોરોના વાયરસના સંક્રમણે વૈશ્વિક મહામારીનું સ્વરૂપ ધારણ કરી લીધુ હતું. અને હવે ફરી એકવાર ચીનમાં સ્થિતિ બગડી રહી છે. દુનિયાના બાકીના દેશોમાં અત્યારે પ્રમાણમાં સ્થિતિ નિયંત્રણમાં છે. પરંતી ચીન સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે કે તે મૃતકોની સંખ્યા છુપાવી રહ્યું છે.

## આયાત જકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકા થઈ હતી. ઈમ્પોર્ટ ડ્યૂટીમાં આ રાહત ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી લાગૂ છે. સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સના અધિકારીઓએ જણાવ્યું કે, આ સેસમાં હજુ વધારે ઘટાડો કરવામાં આવી શકે છે. તેમણે કહ્યુ કે રશિયા-યુક્રેન યુદ્ધ અને અન્ય પરિસ્થિતિઓને પગલે વૈશ્વિક સ્તર પર ખાદ્ય તેલના ઉત્પાદન અને સપ્લાઈ પર અસર પડી છે, જેના પગલે કિંમતો વધી છે. ભાવ વધારાનો બોઝ ગ્રાહકો પર ન પડે તે માટે સરકારે ઓક્ટોબર, ૨૦૨૧થી લાગૂ ડ્યૂટીમાં કપાત કરી છે, જે સપ્ટેમ્બર, ૨૦૨૨ સુધી લાગૂ છે. ખાદ્ય તેલ પર લાગતી ઈમ્પોર્ટ ડ્યૂમાં સૌથી પહેલા જૂન ૨૦૨૧ દરમિયાન કપાત કરવામાં આવી હતી. જે બાદમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં બેઝિક કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો કરાયો હતો. એ સમયે કપાત ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી લાગૂ હતી. જોકે, ખાદ્ય તેલની રિટેલ કિંમત વધારે જ રહી હતી, જેના પગલે કપાત ચાલૂ જ રહી હતી.